# પૂ. લાલચંદભાઇના પ્રવચનો

## પ્રવચન નં:- ૩, તા:- ૧૭-૮-૮૭.

## શ્રી સમયસાર ગાથા - ૩૫૬ થી ૩૬૫. સેટીકાની ગાથા

**(શરૂઆતની ૯ મિનિટ પછી પ્રવચન ચાલુ થાય છે. વચ્ચે પણ ભક્તિ છે)**

આ શ્રી સમયસાર પરમાગમ શાસ્ત્ર છે. તેની ટીકા કરતાં એક માંગલિક શ્લોક પોતે બનાવ્યો છે. શાસ્ત્રની શરૂઆતમાં માંગલિક કરવાની વિધિ છે.

"નમઃ સમયસારાય સ્વાનુભૂત્યા ચકાસતે, ચિત્તસ્વભાવાય ભાવાય સર્વભાવાંતરચ્છિદે". આ એક શ્લોકમાં આખા સમયસારનો સાર છે. ૪૧૫ ગાથાનો સાર ભરેલો છે. નમઃસમયસારાય એટલે હું મારા શુદ્ધાત્માને નમસ્કાર કરું છું. માંગલિકમાં સામાન્ય રીતે અરિહંતને, સિદ્ધને નમસ્કાર કરવાનો એક પ્રકાર હોય છે. આમાં તો એમ કહ્યું કે હું મારા શુદ્ધાત્માને નમસ્કાર કરું છું. શુદ્ધાત્મામાં પંચપરમેષ્ઠીપદ સમાય જાય છે. એમ શાસ્ત્રોમાં આવે છે.

હું મારા શુદ્ધાત્માને નમસ્કાર કરું છું. નમઃ-નમસ્કાર કરું છું, સમયસારાય-સમય એટલે શુદ્ધાત્મા સાર એટલે ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મથી એ ત્રણેકાળ ભિન્ન છે. અને પોતાના જ્ઞાનને આનંદ એવા અનંતગુણોથી સહિત છે. એવો જે મારો શુદ્ધાત્મા છે તેને હું નમસ્કાર કરું છું એટલે એમાં નમું છું, રહું છું, એમાં અંતરસન્મુખ થઇને મારા જ્ઞાયકદેવને નમસ્કાર કરું છું. "નમઃસમયસારાય સ્વાનુભૂત્યાચકાસતે", આ મારો જે શુદ્ધાત્મા છે તે અનુભવમાં આવે એવો જ મારો આત્મા છે. સ્વાનુભવથી સિદ્ધ થાય એવો છે. "સ્વાનુભૂત્યાચકાસતે, ચિત્તસ્વભાવાયભાવાય", આત્માનો સ્વભાવ ચિત્તસ્વભાવ છે, જ્ઞાનસ્વભાવ છે. ભાવાય કહેતાં અસ્તિરૂપ છે. અસ્તિરૂપ હોવાથી તેનો ગુણ પણ કોઇ અસાધારણ હોય. ભાવાય એટલે હોવાપણું.

આત્માનું અનાદિઅનંત હોવાપણું છે. અને ચિત્ત તેનો સ્વભાવ છે. ચિત્ત એટલે જ્ઞાન. આત્માનો ત્રણેકાળ પોતાનો સ્વભાવ છે. આત્મા જ્ઞાનમય છે. "ચિત્તસ્વભાવાયભાવાય સર્વભાવાંતરચ્છિદે." આમ આત્માનો અનુભવ કરતાં તેના ફળમાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. કેવળજ્ઞાન પ્રગટ થતાં તેમાં સ્વ અને પર લોકાલોક એમાં જણાય જાય છે. વર્તમાનમાં શક્તિરૂપે તો આત્મા કેવળી જ છે. પણ અનુભવ કરતાં તેને કેવળજ્ઞાનની દશા પ્રગટ થાય છે. ત્યારે એ જ્ઞાનની સ્વચ્છતામાં પોતાનો શુદ્ધાત્મા પણ પ્રત્યક્ષ થાય છે. અને લોકાલોક પણ તેમાં જણાય જાય છે.

ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેકાળના પદાર્થો એક સમયમાત્રમાં પદાર્થની સન્મુખ થયા વિના, જ્ઞેયની સન્મુખ થયા વિના જ્ઞાયકની સન્મુખ પરિણામ રહેતાં તે પરિણામમાં ભગવાનઆત્મા પ્રત્યક્ષ



Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com

થાય છે. અને લોકાલોક તેમાં પ્રત્યક્ષ જણાય જાય છે. આ પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરવો તેનું નામ માંગલિક છે. પંચપરમેષ્ઠીની સ્તુતિ એ પણ માંગલિક છે. પણ તે વ્યવહાર માંગલિક છે. અને આ નિશ્ચય માંગલિક છે. માંગલિક એટલે મંગળ છે શબ્દ તેમાં સુખની પ્રાપ્તિ થવી તેને માંગલિક કહેવામાં આવે છે. અને તેના બે અર્થ છે, મંગ એટલે ગળ-દુઃખ, કષાય, મેલ ગળી જાય તેને માંગલિક કહેવાય અને સુખની પ્રાપ્તિ થાય તેને પણ માંગલિક કહેવાય. એ માંગલિકના બે અર્થ અસ્તિ-નાસ્તિ થાય છે. એટલે પ્રત્યેક જીવે પોતાના શુદ્ધાત્માનું લક્ષ કરી તેનો અનુભવ કરવો. અનુભવ ન થાય ત્યાં સુધી એ કેમ અનુભવ થાય, અનુભવનો વિષય શું અને અનુભવનો પ્રકાર અને તે કેમ અનુભવ થાય તેનું વારંવાર ચિંતન કરવા જેવું છે. જરૂર આત્માને આત્માનો અનુભવ થઇ શકે છે.

કેમકે પોતાના ઘરની વસ્તુ છે એ કાંઇ બહારથી લાવવાની નથી. જે ઉપયોગ બહાર ભટકે છે તે ઉપયોગને અંતરમુખ વાળવો. અને ઉપયોગમાં તો ઉપયોગ છે એ તો આપણે અહીંયાં ચાલે છે. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ઉપયોગ છે એમ જો શ્રધ્ધા, જ્ઞાનમાં આવી ગયું તો શુદ્ધઉપયોગ પ્રગટ થઇ જાય છે. તેનું નામ માંગલિક છે. પોતાના ઉપયોગમાં, પોતાનો ઉપયોગ એટલે આત્મા જણાય જાય તેનું નામ માંગલિક છે.

આ બધો ગુરુદેવનો પ્રતાપ છે. આત્માની વાત બહાર આવી ગઇ. એક પુરુષ થયો. આ વાત કોઇ જાણતું નહોતું...ખરેખર તો આ સ્વાગત ગુરુદેવનું છે. અમે તો ગુરુદેવના ચરણની રજ છીએ. કેમકે આ બધો પ્રતાપ એક મહાપુરુષ થઇ ગયા (તેમનો છે). જેણે શુદ્ધાત્માનું સ્વરૂપ જગતના જીવો ભૂલી ગયા હતા, રાગને ને શરીરને પોતાનું માનતા હતા. તે રાગાદિથી ને શરીરાદિથી ભિન્ન અંદરમાં જે જ્ઞાનમય જ્ઞાયક ભગવાન આત્મા ચિદાનંદ આત્મા બિરાજમાન છે. એ તારું સ્વરૂપ છે. મનુષ્યની પર્યાય એ તારું સ્વરૂપ નથી. કર્મનો બંધ થાય છે એ તને થયો નથી. તે બીજો બંધાણો છે. તું તો ત્રણેકાળ મુકત પરમાત્મા છો. જેમ ઘીનો ઘડો ઉપચારથી કહેવામાં આવે પણ ઘડો તો માટીમય છે, ઘીમય નથી. તેમ કથનમાં ઉપચારથી સંયોગને સ્વભાવમાં આરોપ કરીને કહેવામાં આવે છે કે જીવ રાગી છે જીવ મિથ્યાદષ્ટિ છે પણ ખરેખર જીવ મિથ્યાદષ્ટિ નથી. પણ જીવ તો અનાદિઅનંત જ્ઞાનમય છે. મિથ્યાત્વના પરિણામ તે તો આસ્રવતત્ત્વ છે. તે જીવતત્ત્વ નથી અને જીવની જાત નથી. તેથી ખરેખર તે જીવના પરિણામ પણ નથી. જીવ ચેતનની જાતનો આત્મા છે. અને તેના પરિણામ થાય તે તો જાણવું-દેખવું થાય તે તેના પરિણામ કહેવામાં આવ્યા છે. આ બધો આપણને ૪૫ વર્ષ ઉપદેશ આપ્યો તે બધો પૂ.ગુરુદેવનો પ્રતાપ છે. આ બધી પરંપરા અત્યારે તત્ત્વની દેખાય છે તે તે જ પુરુષનું દાન છે કોઇ આત્માના સ્વરૂપને જાણતું નહોતું. કોઇ શુદ્ધનયનો ઉપદેશ આપતું નહોતું. તારો આત્મા પુણ્ય-પાપના પરિણામથી અત્યારે ભિન્ન છે. ત્રણેકાળ ભિન્ન છે. જ્ઞાનથી અભિન્ન ને રાગથી ભિન્ન એવું તારું સ્વરૂપ છે. અને તું રાગાદિનો કરનાર નથી. આહા! તું તો જાણનાર જાણનાર પરમાત્મા છો, એવા



Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com

જાણનારને તું જાણ. એવો ઉપદેશ ગુરુદેવે આપેલો. એ વાત અત્યારે આપણે સ્વાધ્યાયમાં લેવી છે.

સેટિકાની ગાથા ૩૫૬ થી ૩૬૫. પાનું-૫૦૬ છે. ટીકા:- જીવનું સ્વરૂપ બતાવે છે. આ આત્મા સ્વભાવથી એકરૂપ, છઠ્ઠી ગાથામાં આવી ગયું. આ આત્મા પરિણામ માત્રથી ભિન્ન એવું જ્ઞાયક તત્વ છે. એ જ્ઞાયકતત્ત્વ એકત્વ-વિભકત પરિણામ માત્રથી ભિન્ન અને પોતાના જ્ઞાન અને આનંદ એવા અનંતગુણોથી અભિન્ન એવો નિજ પરમાત્મા અંદર દેહ દેવળમાં પણ દેહથી ભિન્ન અને રાગના સંયોગથી પણ ન્યારો એવો અંદરમાં જે જાણવાની-દેખવાની શક્તિનો પિંડ પરમાત્મા અંદર બિરાજમાન છે. અને એ જ ખરેખર તારું સ્વરૂપ ને તું જો. એમ જીવનું સ્વરૂપ બતાવ્યું. એટલે શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવ્યું.

આ શાસ્ત્રનું નામ છે સમયસાર. સમય એટલે આત્મા. અને સાર એટલે જેમાં પુણ્ય-પાપનો અભાવ હોય એ કર્મ તો જુદા રહી જાય, શરીર પર જુદૃ રહી જાય. એ જુદાથી જુદો, એ જુદા ભાવોથી જુદો આત્મા અંદરમાં બિરાજમાન છે. એને પરમાત્મા આત્મા કહે છે. એટલે પ્રથમમાં પ્રથમ આત્માને દેખ. જો જાણવા જેવી વસ્તુ હોય તો એ પોતાનો શુદ્ધાત્મા છે. બાકી બધું પછી રાખવું. જાણવાનું તો ઘણું છે જગતમાં. જાણવાની ચીજો તો ઘણી છે પણ શ્રદ્ધા કરવા યોગ્ય અને જાણવાયોગ્ય તો પ્રથમમાં પ્રથમ શુદ્ધાત્મા છે. પ્રથમ તું શુદ્ધાત્માને જાણી લે. અને પછી તારાથી અંદરમાં ન ઠરાય અને ઇન્દ્રિયજ્ઞાન ઊભું થાય તો પછી ભેદ ને અભેદ તું જાણજે. જાણવાની તને મનાઇ નથી. પણ પ્રથમમાં પ્રથમ એ બધાને જાણવાનું મુકી દઇને, છોડી દઇને પ્રથમ જાણનારને તું જાણી લે. જાણનારો એ તો પોતાનો આત્મા છે. એને જાણવાથી જીવને સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એવો જે મોક્ષનો માર્ગ, મોક્ષનો માર્ગ એટલે સુખનો માર્ગ. સુખનો માર્ગ એટલે ભૌતિક સુખની વાત નથી. આત્મિક સુખની વાત છે.

ભૌતિક સુખ તો એ અનંતવાર નવમી ગ્રૈવેયકમાં સ્વર્ગનો દેવ થયો અને ભૌતિક સુખ-સુખ નહોતું પણ સુખની કલ્પનામાં રહ્યો. પણ વાસ્તવિક સુખ તો આત્મામાં છે. એને તું પ્રથમ જાણ અને જાણીને તેનું શ્રધ્ધાન કર. પ્રથમમાં પ્રથમ કાર્ય હોય તો, પ્રથમ કાર્ય દુકાને જાવાનું નથી. પ્રથમ કાર્ય આત્માને જાણવાનું છે. પ્રથમ કાર્ય રસોઈ કરવાનું નથી પણ પ્રથમ કાર્ય આત્માને જાણવાનું છે. પ્રથમ કાર્ય શાસ્ત્ર વાંચવાનું નથી પણ આત્માને જાણવાનું છે. પ્રથમ કાર્ય મંદિરે જવાનું નથી પણ અંતર મંદિરમાં પ્રવેશ કરવાનું છે. પછી મંદિરમાં જઇ અને દેવ, ગુરુ, શાસ્ત્રના દર્શન કરી લે તો પછી તને જે ઉપકારી સર્વજ્ઞ પરમાત્મા બિરાજમાન છે 'જિનપ્રતિમા જિન સારખી' તેના દર્શન તને થાય તો તેને વ્યવહાર કહેવામાં આવે છે.

પોતાના શુદ્ધાત્માને છોડીને અનંત અનંતકાળ વીત્યો તેને ઇન્દ્રિયજ્ઞાન દ્વારા એક ઇન્દ્રિય થઇને પરને જાણ્યું, બે ઇન્દ્રિય થઇને પરને જાણ્યું, ત્રણ ઇન્દ્રિય થઇને પરને જાણ્યું, એમ ચાર ઇન્દ્રિય, પાંચ ઇન્દ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, અનંત અનંતકાળ એ ઇન્દ્રિયજ્ઞાન દ્વારા વીત્યો. એ પરને જાણે છે તેમાં પરમાં


Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com

મારાપણાની બુદ્ધિ, મમતા થયા વિના રહેતી નથી. એક વખત તું પરને જાણવાનું બંધ કરી દે. સર્વથા બંધ કર અને તારા શુદ્ધાત્માને જાણ.

હવે જે શુદ્ધાત્મા છે. છે એ તો છે જ. છે છે ને છે. તું એને જાણ તોપણ એવો ને એવો છે. કદાચ તું એને ન જાણ તો પણ આત્મા તો એવો ને એવો આહાહા! જ્ઞાન અને આનંદથી સભર ભરેલો પ્રભુ છે. એમાં કોઇ બિલકુલ જ્ઞાન અને આનંદમાં ઓટ આવતી નથી, કમી થતી નથી. તું જાણ તો તને લાભ થશે, ન જાણ તો તને નુકસાન થશે.

એવો જે શુદ્ધાત્મા છઠ્ઠી ગાથામાં બતાવ્યો પ્રમત-અપ્રમતથી રહિત એવો જે જ્ઞાયકદેવ અંદર બિરાજમાન છે. તો એક પ્રશ્ન બધાને થાય. તો એવો શુદ્ધાત્મા અમારા જ્ઞાનમાં જણાતો કેમ નથી? છે એમ કહો છો. જ્ઞાની કહે છે કે તારી પાસે તારી વસ્તુ મોજુદ છે તો એમ પ્રશ્ન થાય કે મને મારી દષ્ટિમાં અનુભવમાં આત્મા આવતો કેમ નથી? એવો એક શિષ્યને પ્રશ્ન ઊઠે છે. અને ઊઠે તે વાસ્તવિક પણ છે. વાસ્તવિક પણ છે. પોતે પોતાના ઘરમાં જાય અને એમ કહે કે મને ઘર દેખાતું નથી. તો બીજા શું કહે? કે કાંઇક મગજમાં ફેરફાર થઇ ગયો છે. બે આની કાંઇક ફેર લાગે છે. એમ કહે કે નહીં? એમ આ પોતાનો શુદ્ધાત્મા વર્તમાનમાં છે છે ને છે જ. અને નિત્ય નિરાવરણ અખંડ છે, જ્ઞાનમય છે, આનંદમય છે. ચૈતન્યનો ગુણ છે, ચૈતન્ય પ્રકાશમય આત્મા અંદરમાં બિરાજમાન છે. એ હોવા છતાં મને કેમ દેખાતો નથી? કહે કે તું દેખતો નથી માટે દેખાતો નથી. દેખે તેને દેખાય છે. અચલજી! જે દેખે એને દેખાય છે, પણ નથી દેખતો તેને કયાંથી દેખાય? આહાહા!

એ શુદ્ધાત્મા અનંત, અનંત, અનંતકાળ થયો. અનંતા જીવો આવી રીતે શુદ્ધાત્માને જાણીને, અનુભવીને અનંતા સિદ્ધ પરમાત્મા થઇ ગયા. અને દર છ મહિના ને આઠ સમયે છસ્સો ને આઠ જીવો સિદ્ધલોકમાં પધારે છે. દર છ મહિના ને આઠ સમયે કંટિન્યુ. તેમાં છસ્સો ને સાત નહીં અને છસ્સો ને નવ નહીં. સંખ્યા ઘટે નહીં અને સંખ્યા વધે નહીં. દર છ મહિના ને આઠ સમય થાય અને છસ્સો ને આઠ જીવ સિદ્ધ પરમાત્મા થઇ જાય. ણમો સિદ્ધાણંમાં ભળી જાય. આહાહા! પહેલાં ણમો અરિહંતાણંમાં આવે, ણમો અરિહંતાણં પહેલું છે અને પછી ણમો સિદ્ધાણં. તેરમું ગુણસ્થાન પહેલા આવે છે અને પછી ગુણસ્થાનાતીત થાય છે.

એવો સિદ્ધ દશા પ્રગટ થવાનો ઉપાય, પૂર્ણ સુખની પ્રાપ્તિનો જે ઉપાય, મોક્ષની વ્યાખ્યા છે નિયમસારમાં. કુંદકુંદઆચાર્યભગવાનનું નિયમસાર શાસ્ત્ર છે. પોતાની ભાવના માટે રચના તેમણે કરી છે. એ શાસ્ત્રમાં મોક્ષની વ્યાખ્યા બતાવી છે. મોક્ષ એટલે શું? પૂર્ણ આનંદની ઉપલબ્ધિ તેનું નામ મોક્ષ છે. પૂર્ણ આનંદની પ્રાપ્તિ. આનંદની પ્રાપ્તિ એટલે આ સંયોગની નહીં. પૂર્ણ આત્મિક આનંદની પૂર્ણ પ્રાપ્તિ તેને પરમાત્મા મોક્ષ દશા કહે છે. એ મોક્ષનું કારણ મોક્ષમાર્ગ છે. અને એ મોક્ષમાર્ગનું કારણ શુદ્ધાત્માને જાણવો ને પ્રતીતમાં લેવો એ છે. એ કેમ જાણવામાં આવતો નથી? એમ પ્રશ્ન થતાં


Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com

આચાર્યભગવાન ઉત્તર આપે છે કે તને કેમ જણાતો નથી તેનું પણ હું કારણ તને આપું છું અને કેમ જણાય એની વિધિ પણ આમાં હું તને આ ગાથામાં બતાવું છું. તું સાંભળ! આચાર્યમહારાજ પહેલા દૃષ્ટાંત આપે છે. પહેલા હરિગીત લઇએ.

**જયમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**જ્ઞાયક નથી ત્યમ પર તણો, જ્ઞાયક ખરે જ્ઞાયક તથા; ૩૫૬.**
**જયમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શક નથી ત્યમ પર તણો, દર્શક ખરે દર્શક તથા; ૩૫૭.**
**જયમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**સંયત નથી ત્યમ પર તણો, સંયત ખરે સંયત તથા; ૩૫૮.**
**જયમ સેટિકા નથી પર તણી, છે સેટિકા બસ સેટિકા,**
**દર્શન નથી ત્યમ પર તણું, દર્શન ખરે દર્શન તથા; ૩૫૯.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતવિષયક કથન નિશ્ચયનય તણું;**
**સાંભળ કથન સંક્ષેપથી એના વિષે વ્યવહારનું. ૩૬૦.**
**જયમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત જાણતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૧.**
**જયમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**આત્માય એ રીત દેખતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૨.**
**જયમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**જ્ઞાતાય એ રીત ત્યાગતો નિજ ભાવથી પરદ્રવ્યને; ૩૬૩.**
**જયમ નિજ સ્વભાવથી સેટિકા પરદ્રવ્યને ધોળું કરે,**
**સુદૃષ્ટિ એ રીત શ્રદ્ધતો નિજ ભાવથી પરદ્રવ્યને. ૩૬૪.**
**એમ જ્ઞાન-દર્શન-ચરિતમાં નિર્ણય કહ્યો વ્યવહારનો,**
**ને અન્ય પર્યાયો વિષે પણ એ જ રીતે જાણવો. ૩૬૫.**

એની ટીકા. ટીકા એટલે વિસ્તાર. કુંદકુંદઆચાર્યભગવાન આજથી બે હજાર વર્ષ પહેલાં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ગયા. ત્યાં આઠ દિવસ રહ્યા હતા. સર્વજ્ઞ ભગવાનની વાણી સાંભળી ને અહીંયાં ફરી પધાર્યા. અને આ સમયસાર આદિ શાસ્ત્રની રચના કરી. તેમની પાસે જ્ઞાન તો ઘણું હતું. પણ તેમને સર્વજ્ઞ ભગવાનનો વિરહ થયો, કે આ ભરતક્ષેત્રની અંદર કેવળી અને અરિહંત પરમાત્માનો વિરહ છે. એ વિદેહક્ષેત્રમાં કાંતો પોતાની શક્તિથી લબ્ધિથી અથવા દેવો પૂર્વના તેમના મિત્રો હતા તે લઇ ગયા પણ ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા એ વાત સો ટકા સાચી છે. નજરે જોનારા જીવોએ કહેલી વાત


Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com

છે. એમાં શંકા કરવા જેવી વાત નથી. એ વખતે આપણા ગુરુદેવ પણ ત્યાં હાજર હતા. અને કુંદકુંદઆચાર્યભગવાન ત્યાંથી પધારી મદ્રાસથી ૮૦ માઇલ દૂર એક પોન્નુર હીલ છે ત્યાં તેની તપોભૂમિ છે. તેના અત્યારે પગલા પણ ત્યાં છે. અત્યારે આપણે પગલા (ચરણ) જોઇએ છીએ આખા ભારતમાં તેના કરતા જુદા મોટા પગલા છે.

આ શાસ્ત્ર ટીકાકાર કહે છે કે કેવળી ને શ્રુતકેવળી ભગવંતોએ કહેલું આ શાસ્ત્ર છે. અર્હંત પ્રવચનનો અંશ છે આ. અને નિત્ય આનંદનું ભોજન કરનારા એવા ધર્માત્મા અતિઆસન્નભવ્ય ધર્માત્મા જેનો એકાદ ભવમાં તો મોક્ષ થવાનો છે. એવા ધર્માત્માએ આ શાસ્ત્રની રચના કરી છે. જગતના અજ્ઞાની અપ્રતિબુદ્ધ જીવો એ પોતાના શુદ્ધાત્માના સ્વભાવને ભૂલી ગયા છે અને પરને આત્મા માની રહ્યા છે. એવા જીવોનું અજ્ઞાન દૂર કેમ થાય એવી તેમને કરુણા આવી અને કરુણાના વિકલ્પમાં આ શાસ્ત્રની રચના થઇ ગઇ છે. બે હજાર વર્ષથી આ શાસ્ત્રની રચના થઇ ગઇ છે. બે હજાર વર્ષમાં ઘણા જીવો સમ્યક્ પામ્યા. તેમાં ચારે અનુયોગ જિનવાણી છે. અને ચારે અનુયોગ સમ્યગ્દર્શનમાં નિમિત્ત થાય છે. પણ મુખ્ય નિમિત્ત દ્રવ્યાનુયોગના શાસ્ત્રો છે. ગૌણ નિમિત્તમાં બધું છે. તે મુખ્ય નિમિત્તમાં પણ દ્રવ્યાનુયોગના શાસ્ત્રોમાં પણ કુંદકુંદ ભગવાનના શાસ્ત્રો સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ આદિ. દ્રવ્યાનુયોગના શાસ્ત્રમાં શુદ્ધાત્માને આમ હથેળીમાં જુદો બતાવે છે. જોઇ લે. હું તને બતાવું છું. હવે તું રુચિની આંખ ઉઘાડ એટલી વાર છે. તારે કાંઇ બીજો પુરુષાર્થ કરવાની જરૂર નથી. તારે તો માત્ર રુચિની આંખ ઉઘાડવાની છે. આ આંખથી નહીં દેખાય. રુચિની આંખ ઉઘાડી અને ઉપયોગને ઉપયોગ દ્વારા એને જોઇ લે. ઉપયોગ દ્વારા બીજાને જોઇ રહ્યો છો તે ઉપયોગનો દૂરઉપયોગ કરી રહ્યો છો ઉપયોગનો દૂરઉપયોગ થાય છે. ભોગીભાઇ! કાપડની દુકાનમાં કાપડને જોવું એ ઉપયોગનો દૂરઉપયોગ છે. સદ્ઉપયોગ નથી.

કેમકે ઉપયોગ જેનો છે તેને ન જાણે, ભોગીભાઇનું નામ લઇએ એટલે તેને ખોટું ન લાગે. બીજાનું નામ ન લેવાય. બાકી બધાએ સમજી લેવું. ઉપયોગનો દૂરઉપયોગ એટલે જ્ઞાન જેનું છે તેને ન જાણે અને બીજાને જાણવા જાય ને રોકાય, આહાહા! તે ઉપયોગનો દૂરઉપયોગ કરી રહ્યો છો. હવે ઉપયોગનો સદ્ઉપયોગ થતાં આત્માનો અનુભવ કેમ થાય તેની વાત આમાં બતાવે છે. તેમાં પ્રથમ જગતના જીવોને સિદ્ધાંત-સમજવો સહેલો પડે, સમજાવવો છે સિદ્ધાંત. આત્માનું સ્વરૂપ. પણ એ સિદ્ધાંત સમજવો સહેલો પડે એટલા માટે ટીકાકાર આચાર્યભગવાન દષ્ટાંત આપે છે. કુંદકુંદઆચાર્યભગવાનની ગાથામાં જ આ દષ્ટાંત છે અને તેનો જ વિસ્તાર હવે આચાર્યમહારાજ ટીકાકાર કરે છે. આત્મખ્યાતિ નામની ટીકા છે.

**આ જગતમાં ખડી**, ખડી એટલે ચૂનો ખડી એટલે ચૂનો. સેટિકા કહ્યું હતું. સેટિકાનો અર્થ છે ખડી. ખડી એટલે ચૂનો. જે દિવાળીના ટાઇમમાં દુકાન ને ઘર ઉપર ચૂનો લગાવે છે, વ્હાઇટ વોશ કરે છે



Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com

ચૂના દ્વારા. ખડી એટલે ચૂનો. શબ્દથી કાંઇ ભડકવા જેવું નથી. સેટિકા એટલે ચૂનો અને ખડી એટલે પણ ચૂનો છે. સામાન્ય શબ્દ છે. એ બધાને ખ્યાલમાં આવે તેવું દષ્ટાંત છે. ચૂનાનો ઉપયોગ તો બધા કરે જ છે. મકાન બનાવે ત્યારે ન બનાવ્યું હોય ને જૂનું હોય ને તોપણ ચૂનાનો પીછડો લગાવે છે. તો ભીંત સફેદ થઇ જાય છે. નંદલાલભાઇ!

ભીંત સફેદ થાય છે. એ વાત ખોટી છે. સો ટકા ભીંત સફેદ થતી જ નથી. ચૂનો સફેદ છે. ભીંત તો જેવી છે તેવી જ છે. **આ જગતમાં ખડી છે**, અરે! ઉપાદાન ઉપર જેની નજર આવે એનું કામ થાય. ચૂના ઉપર નજર આવે તો પણ કામ થાય. ભીંત ઉપર નજર જાય આહાહા! બહિર્દષ્ટિ થઇ જાય. ખડી છે એટલે કે ચૂનો છે તે, પહેલાં ચૂના નામનો એક પદાર્થ જગતમાં છે. ચૂનો પણ છે અને ભીંત પણ છે. વસ્તુ બે છે એક જ નથી. જેમ અન્યમતિ કહે છે કે એક આત્મા છે બીજી કોઇ વસ્તુ નથી. ખોટી વાત છે. અજ્ઞાન છે. મિથ્યાત્વ છે.

જગતમાં બે પદાર્થ છે. જેમ જીવ અને અજીવ બે છે તેમ દષ્ટાંતમાં બે છે એક ચૂનો પણ છે અને એક ભીંત પણ છે. ભીંત ભીંતમાં છે અને ચૂનો ચૂનામાં છે. ઉપચારથી ચૂનો ડબ્બામાં છે એમ પણ કહેવામાં આવે. પણ ખરેખર તો ચૂનો ચૂનામાં છે અને ભીંત ભીંતમાં છે. ચૂનો ડબ્બામાં નથી. એમ. એમ કહે છે કે જે ચૂનો છે તે, જે છે તે, આ લખાણ છે તેનો અર્થ ચાલે છે. ચૂનો છે, છે તે. છે તે કેવો છે? કે શ્વેતગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. આહાહા! ચૂના નામનો એક દ્રવ્ય છે, પદાર્થ. ચૂના નામનો એક દ્રવ્ય છે, પદાર્થ. તો જો પદાર્થ હોય તો તેનો કાંઇ ને કાંઇ સ્વભાવ હોય. સ્વભાવ વિના પદાર્થનું અસ્તિપણું હોય શકે નહીં. જેમ સોનું છે સોનું છે તો તેનો સ્વભાવ પીળાશ, ચીકાશ, ભારેપણું એ એના ગુણો સ્વભાવ છે. એમ પોતાના સ્વભાવગુણથી એ ચૂનો સફેદ ગુણથી ભરેલું દ્રવ્ય છે. દ્રવ્ય એટલે જે દ્રવ્યમાં ગુણો પણ હોય, અને ગુણની અવસ્થા પણ થાય તેને દ્રવ્ય કહેવામાં આવે છે. ગુણપર્યાયવત્‌દ્રવ્યમ્ આહાહા! એવું તત્વાર્થસૂત્રનું વચન છે. ગુણપર્યાયવત્‌દ્રવ્યમ્.

દ્રવ્ય હોય તેમાં તેના ગુણો હોય અને ગુણોની પર્યાય પણ હોય. ગુણો હોય અને એની અવસ્થા ન હોય તો તેને ગુણ ન કહેવાય. માટે શ્વેત ગુણથી ભરેલા સ્વભાવવાળું દ્રવ્ય છે. આહાહા! અહીંયાં પર્યાયની મુખ્યતા દ્વારા દ્રવ્ય સમજાવવું છે. અને પછી દ્રવ્ય ને પર્યાયનો ભેદ પણ દેખાતો નથી. માટે પર્યાયથી વાત કરે છે. કેમકે વિષય એવો ચાલે છે કે જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું? એમ હવે કહેવામાં આવે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રની પર્યાયનો નિશ્ચય એ મુખ્ય મથાળું છે. જુઓ!

**ખડી તો ખડી જ છે તે નિશ્ચય છે. ખડી-સ્વભાવે પરિણમતી ખડી ભીંત-સ્વભાવે પરિણમતી ભીંતને સફેદ કરે છે એમ કહેવું તે પણ વ્યવહારનું કથન છે. તેવી રીતે 'જ્ઞાયક તો જ્ઞાયક જ છે' એ નિશ્ચય છે.** જ્ઞાયક સ્વભાવે પરિણમતો એમ. અપરિણામી નહીં. જ્ઞાયક સ્વભાવે પરિણમતો, જાણવારૂપે પરિણમતો. જ્ઞાયક પરદ્રવ્યના સ્વભાવરૂપે પરિણમતા એવા પરદ્રવ્યને જાણે છે એમ કહેવું તે પણ વ્યવહારનું કથન

છે. આવા નિશ્ચય વ્યવહારના કથનને હવેની ગાથાઓમાં ધ્યાનમાં રાખતા, પણ પહેલા જ્ઞાનની પર્યાયનો નિશ્ચય શું અને નિશ્ચય સમજયા પછી જ્ઞાનની પર્યાયનો વ્યવહાર શું. એમ નિશ્ચય અને વ્યવહાર બેયનું જ્ઞાન કરાવે છે.

**આ જગતમાં ખડી છે તે શ્વેત**, એટલે સફેદ **ગુણથી ભરેલા એવા સ્વભાવવાળું દ્રવ્ય છે**. એ ચૂનાની વાત કરી, ચૂનાની વાત કરી. ચૂનો કેવો છે? સફેદ છે. ચૂનો જો કાળો હોય તો કોઇ ભીંત ઉપર લગાવે? કોઇ લગાવે જ નહીં. ચૂનો સફેદ છે. હવે એક બીજો પદાર્થ સામે છે. **ભીંત આદિ પરદ્રવ્ય**, ભીંત આદિ બધું લઇ લેવું. **પરદ્રવ્ય વ્યવહારે તે ખડીનું શ્વૈત્ય છે**. ખરેખર ખડીનું શ્વૈત્ય તો પોતે ખડી જ છે. પણ તેમાં નિમિત્તપણે ભીંત છે. તો એ ભીંત ઉપર જ્યારે ચૂનો લાગે છે તો વ્યવહારે એમ કહેવામાં આવે કે ભીંત સફેદ થઇ ગઇ. તો એ શ્વૈત્ય છે. ચૂનાનું એ શ્વૈત્ય છે. એમ વ્યવહારે કહેવામાં આવે. **(અર્થાત્ ખડી વડે શ્વૈત કરાવાયોગ્ય પદાર્થ છે.)** ખડી છે તો સફેદ પોતે અને તે ભીંતને તો અડતી પણ નથી તો ભીંતને સફેદ કયાંથી કરે? દષ્ટાંત તો સમજાવે છે. પછી દષ્ટાંત સમજાશે તો સિદ્ધાંત સમજવો સહેલો પડશે.

**(અર્થાત્ ખડી વડે શ્વૈત કરાવાયોગ્ય પદાર્થ છે.)** હવે આચાર્યમહારાજ કહે છે કે સાંભળ! **હવે, શ્વેત કરનારી ખડી**, સફેદ કરનારી ખડી. કર્તા કોણ છે? કે ચૂનો. એ ચૂનાનું સફેદરૂપ કાર્ય શું થયું? એ ચૂનાની પર્યાય સફેદ થઇ એ નિશ્ચયથી તેનું કાર્ય હોવા છતાં પણ જેની નજર ચૂના ઉપર નથી પણ જેની નજર ભીંત ઉપર છે. તો કહે છે કે **શ્વેત કરનારી ખડી**, સફેદ કરનારી ખડી. **શ્વેત કરાવાયોગ્ય જે ભીંત આદિ પરદ્રવ્ય તેની છે કે નથી?** ચૂનો ભીંતનો છે કે નથી? ભીંતને ચૂનો સફેદ કરે છે એમ વ્યવહારી જીવોને ઉપલક દષ્ટિથી જોતાં તેને એમ ભાસે છે અને વાણીનો વ્યવહાર પણ તેવો કરવામાં આવે છે. કાલ સુધી ભીંત કાળીમસ હતી ૧૨ ૧૨ મહિનાથી વ્હાઇટવોશ કરાયો નથી. કેમકે મોંઘારત બહુ છે. બે ત્રણ વર્ષ થઇ ગયા હતા. એટલે આ વખતે વ્હાઇટવોશ કરાવ્યો. ભીંત કાલ સુધી કાળી દેખાતી હતી પણ આજે, આહાહા! આ ભીંત તો જો! એકદમ ભીંત સફેદ થઇ ગઇ. જો જો દષ્ટિ ફરી ગઇ. આહાહા! નિમિત્ત ઉપર દષ્ટિ ગઇ. ઉપાદાન લક્ષમાંથી છૂટી ગયું. દષ્ટાંત સમજવું પણ કઠણ પડે.

મુમુક્ષુ :- ઇન્દ્રિયજ્ઞાન તો સમયે સમયે થાય છે.

ઉત્તર :- ના ના, ભીંતનું જ્ઞાન પણ ખોટું અને ખડીનું પણ જ્ઞાન ખોટું. બેમાંથી કોઇનું જ્ઞાન સાચું નથી. નિશ્ચય પણ ખોટો અને વ્યવહાર પણ ખોટો. કેમકે ભીંત સફેદ છે એમ કહે છે, તો ખરેખર ચૂનો સફેદ છે. એક. એટલે ભીંત સફેદ છે એ ખોટું પડયું. હવે ભીંત તો કાળી હતી અને કહે છે કે ભીંત સફેદ છે તો ભીંત સંબંધીનું જ્ઞાન પણ ખોટું. નિશ્ચય પણ ખોટો અને વ્યવહાર પણ ખોટો. પચાસ ટકા તો સાચું કહો? એક ટકો પણ સાચું નથી. સમજાય છે?

કહે છે કે ભીંતને તેણે જોઇ અને ભીંતને જોતાં એ ચૂનાનો એક સફેદ ભાવ ભૂલી ગયો. અને ભીંત

કાળી હતી તે પણ ભૂલી ગયો. આહાહા! ભીંત સફેદ તો ભીંત સંબંધીનું જ્ઞાન પણ ખોટું અને ચૂના સંબંધે જ્ઞાન પણ તેનું ખોટું. નિશ્ચય સાચો હોય તો વ્યવહાર સાચો હોય. જેનો નિશ્ચય સાચો ન હોય તેનો વ્યવહાર પણ સાચો ન હોય. પણ ભીંત સફેદ થઇ છે એ તો સાચી વાત છે. ભીંત સફેદ થતી જ નથી. ચૂનો સફેદ છે. ચૂનો ભીંતને અડયો જ નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શ કરતું નથી. પગ જમીનને અડતો નથી. આ માથાને આ ટોપી અડતી નથી. માથાને આધારે ટોપી નથી. ટોપી ટોપીના આધારે છે અને માથું માથાને આધારે છે.

કહે છે કે સાંભળ ભાઇ! આ શુદ્ધાત્માની વાત અને આ શુદ્ધાત્માનો અનુભવ કેમ થાય એ બે વાત સમજવા જેવી છે. બીજી વાત તને ન આવડે તો કાંઇ જરૂર નથી. પણ આ વાત સમજવા જેવી છે. એક વાર ગુરુદેવે દષ્ટાંત આપ્યું હતું. કે ગંગાનદીનો કિનારો તેમાં વહાણમાં બેસીને બધા સામે કિનારે જાય. તો વહાણ તો આમ ભાંગેલ-તૂટેલ હતું. અને બધા સસ્તા ભાડામાં બેઠા હતા. બીજે ઠેકાણે પાંચ રૂપિયા હતા અને આ કહે એક રૂપિયો એક રૂપિયો આવો આવો. બધાય બેઠા. તેમાં એક કાશીના ભણેલાં પંડિત પણ બેઠા. તેમાં અધવચ્ચે બરાબર વાવાઝોડું આવ્યું. તેમાં પંડિતજી ઓલા ચલાવવાવાળાને પૂછે છે કે તને આવડે છે? આ શીખ્યો છો? સંસ્કૃત આવડે છે? માગધી આવડે છે? વ્યાકરણ આવડે છે? કહે ભાઇસાહેબ! મને કાંઇ નથી આવડતું મને કાંઇ નથી આવડતું. ના પાડયા કરે. એમાં વાવાઝોડું આવ્યું તો પંડિતજીને ઓલો પૂછે છે, સાંભળો! તમને તરતાં આવડે છે? તો કહે કે ના, તરતાં નથી આવડતું. તો તો હમણાં નદીમાં રામ બોલો રામ થઇ જાશે. બધું તમે શીખ્યા પણ તરવું કેમ એ શીખ્યા નહીં.

એમ વિદ્યા ને બધુ ભણી ગયો પણ આત્માનું સ્વરૂપ શું છે (એ શીખ્યો નહીં). આહાહા! એ પ્રથમમાં પ્રથમ શીખવા જેવું, સાંભળવા જેવું, સમજવા જેવું ચર્ચવા જેવું. ઉપયોગમાં ઉપયોગ છે એ પહેલામાં પહેલું શીખવા જેવું છે. એ શીખ્યો નહીં. બધું બી.એ. એલ.એલ.બી. થયો અને સી.એ. પણ થઇ ગયો અને અમેરિકા જઇને ભણ્યો પણ શુદ્ધાત્માનું સ્વરૂપ શું તે જાણ્યું નહીં. આહાહા! તો મનુષ્ય ગતિ પૂરી થઇને કયાં ફેંકાઇ જશે! ગુરુદેવ ફરમાવતા હતા કે વૈરાગ્ય આવતો હતો તેમનો. અરે! જેવી રીતે મોટું જબર જસ્ત વાવાઝોડું આવે એમાં એક નાનું તણખલું હોય એ ઊડે, પવન આવે ને ઊડે પણ એ તણખલું કયાં જઇને પડશે તેની કોઇને કાંઇ ખબર નથી. એમ શુદ્ધાત્માનો અનુભવ ન કર્યો, આત્માને જાણ્યો નહીં. તો તારો આત્મા કયાં ફેંકાઇ જશે, ગોત્યો જડશે નહીં. ક્યાંય ગોત્યો નહીં મળે, એવી રીતે કયાંય ફેંકાઇ જશે. આહાહા!

શુદ્ધાત્માનું સ્વરૂપ શું છે એ સમજવા જેવું છે અને તેનો અનુભવ કેમ થાય એ સમજવા જેવું છે. બે જ વાત સમજવા જેવી છે. અનુભવ અને અનુભવનો વિષય. અનુભવ અને અનુભવનો વિષય, અનુભવનો વિષય પહેલો શીખવો અને પછી અનુભવ કેમ થાય. નંબર બે. અહીંયાં નંબર બેની વાત ચાલે છે. એક નંબરમાં તો આવી ગયો. દ્રવ્યનો નિશ્ચય તો એણે ખ્યાલમાં લીધો છે. એવા આત્માને

આત્માનો અનુભવ કેમ થાય તેની કળા અને વિધિ આમાં બતાવતા ચૂનાનું દષ્ટાંત આપે છે કે ભાઇ!

શ્વેત કરાવાયોગ્ય ભીંત આદિ પર દ્રવ્ય તેની છે કે નથી? આહાહા! ચૂનો ભીંતનો છે કે નથી? ચૂનો છે તે ભીંતનો છે કે નથી? જો ભીંતનો છે એટલે ભીંત સફેદ થઇ ગઇ એમ તારા ખ્યાલમાં જો આવ્યું, તો પહેલાં કાલે તું એમ કહેતો હતો કે ડબ્બામાં ચૂનો છે. આજે તું કહેશ કે ભીંત સફેદ થઇ ગઇ તો ચૂનો ગાયબ થઇ ગયો. તારી દષ્ટિમાં ચૂનો રહ્યો નહીં. કાલે ચૂનો અને ભીંત બેય દેખાતા હતા. આજે તને ચૂનો દેખાતો નથી. અને ભીંત કેવી છે એ પણ દેખાતી નથી. પણ ભીંતનું સ્વરૂપ પણ વિપરીત અને ચૂનાનું સ્વરૂપ પણ વિપરીત (દેખાય છે) એક વિપરીત તો બધું વિપરીત. આહાહા!

કહે છે કે જો એ ખડી છે તે ભીંતને સફેદ કરે તો ચૂનો ભીંતનો છે કે નહીં? એવો પ્રશ્ન પોતે ઉઠાવે છે. ચૂનો છે તે ભીંતનો છે કે નથી? **એમ તે બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ**, આહાહા! પહેલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નહીં વિચારતો. પહેલો તાત્ત્વિક પૃથક બંનેના સ્વભાવથી જુદું જુદું વિચાર. **એમ તે બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ**, વ્યવહારથી જોઇશ તો ચૂનો હાથમાં નહીં આવે. નિશ્ચયથી જોઇશ તો ચૂનો હાથમાં આવશે. એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જોઇશ તો ચૂનો ગાયબ થઇ જશે. આહાહા!

તાત્ત્વિક-પારમાર્થિક બે તત્વ હંમેશા ત્રણેકાળ ભિન્ન ભિન્ન છે. ચૂનો એ ભિન્ન ને ભીંત પણ ભિન્ન. ડબ્બામાં હોય તો પણ ભીંતથી ભિન્ન ને ભીંતને ચોંટ્યો હોય તો પણ ભિન્ન. ડબ્બામાં હોય ત્યારે તો ભિન્ન બધા કહે પણ ભીંતમાં લાગે જ્યારે ત્યારે લોકોને ભીંત સફેદ લાગે છે. જ્ઞાનીને ચૂનો સફેદ લાગે છે. ભીંત તો જેવી છે તેવી છે........ એમ તે બન્નેનો આહાહા! જ્ઞાન ને જ્ઞેયનો તાત્વિક સંબંધ વિચાર એમ ત્યાં સુધી લઇ જવું છે.

**એમ બન્નેનો તાત્ત્વિક (પારમાર્થિક) સંબંધ અહીં વિચારવામાં આવે છે**. વ્યવહારનયથી તેં જોયું અનંતવાર. અને વ્યવહારથી જોતાં ભીંત સફેદ થઇ છે એવી તને ભ્રાંતિ થઇ. હતો ચૂનો સફેદ અને ભાસ્યું ભીંત સફેદ. આહાહા! એ વ્યવહારની દષ્ટિથી જોતાં નિશ્ચય હાથમાંથી ગાયબ થઇ જાય છે. જણાય છે જ્ઞાન અને ભાસે છે જ્ઞેય જણાય એ જ્ઞાન હાથમાંથી ગયું. એ અજ્ઞાની થઇ ગયો. એમ આવશે આસ્તે આસ્તે આહાહા! વ્યવહારે (ભીંત) તો સફેદ ખરી કે નહીં ? પણ વ્યવહારે એટલે શું? ચૂનાએ નિશ્ચયે ભીંતને સફેદ ન કરી તો કાંઇ નહીં. પણ વ્યવહારે સફેદ કરી કે નહીં?

વ્યવહારે સફેદ કરી એટલે શું? આહાહા! એનું જ માત્ર વિચારવાનું છે. એમાં જ વિચારવાનું છે. કેમકે વ્યવહારનય એમ કહે છે કે ચૂનાએ ભીંતને સફેદ કરી. એ કથન અસત્યાર્થ અને અભૂતાર્થ છે. આહાહા! એમ તું જાણજે. નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને યથાર્થ છે એમ જાણી તેનું શ્રધ્ધાન કરજે અને વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ છે એમ જાણી તેનું શ્રધ્ધાન છોડી દેજે. ભીંત સફેદ ન થાય. નિશ્ચયે કે વ્યવહારે. અરે! મૂળ નિશ્ચય અને વ્યવહાર બધું અંદરમાં છે. બધું



Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com

અંદરમાં છે.

ચૂનો સફેદ છે એમ કહેવું તે વ્યવહાર છે. અને ભીંત સફેદ છે એમ કહેવું તે અજ્ઞાન છે. શું કહ્યુ? ચૂનો સફેદ છે એમ કહેવું તે વ્યવહાર છે અને ચૂનો તો ચૂનો જ છે એમ કહેવું તે નિશ્ચય છે. પણ ચૂનો સફેદ છે એમ કહેવું તે વ્યવહાર અને ભીંત સફેદ છે એમ કહેવું તે નિશ્ચય પણ નહીં અને વ્યવહાર પણ નહીં. તે અજ્ઞાન છે. આ લોકો બધા કહે છે એ જૂઠું છે? સાવ જૂઠું. પચાસ ટકા? સો એ સો ટકા. કોઇ કાળે કોઇ ભીંત અત્યાર સુધી સફેદ થઇ નથી અને ચૂનાએ સફેદપણું છોડયું નથી. ચૂનો ડબ્બામાં રહે તોપણ સફેદ અને ભીંતમાં લાગે તોપણ સફેદ. પોતાના સ્વભાવને વસ્તુ છોડે નહીં અને પરભાવરૂપે થાય નહીં. આહાહા! આ તો કોઇ ગાથા છે? ઊંચામાં ઊંચી ગાથા છે.

આત્માનો અનુભવ કેમ થાય તેની કળા ને વિધિ આમાં આચાર્ય ભગવાન કરુણા કરીને બિનઅનુભવી જીવોને પણ આત્મદર્શન કેમ થાય? સમ્યગ્દર્શન કેમ થાય? તેની આ ગાથા છે. શું કહ્યું? ધન્નાલાલજી! એ ચૂનો સફેદ છે એમ કહેવું તે વ્યવહાર અને ચૂનો તો ચૂનો જ છે એમ જાણવું તે નિશ્ચય. અને ભીંત સફેદ છે એમ કહેવું ને જાણવું તે નિશ્ચય પણ નથી અને વ્યવહાર પણ નથી. નિશ્ચય-વ્યવહાર ન હોય તો અજ્ઞાન થાય. શું કહ્યું? તો અજ્ઞાન ઊભું થાય. તેનો તાત્ત્વિક સંબંધ એમ ચાલે છે વાત. આ તાત્ત્વિક સંબંધ કહ્યો.

તાત્ત્વિક સંબંધ અહીં વિચારવામાં આવે છે. જો ખડી એટલે ચૂનો, ચાલો વિચારીએ આપણે. આ બાબતમાં આપણે વિચારીએ કે આમાં ખરેખર શું છે? ચૂનો સફેદ છે કે ભીંત સફેદ છે? ચાલો સામે બેસીને આપણે વિચારીએ, ચર્ચા કરીએ એમ. શ્રોતાઓને સાથે રાખીને એને કાંઇ વિચાર કરવાનો નથી. શ્રોતાઓને ઊભા રાખે છે કે ચાલો બેસો આપણે ચર્ચા કરીએ.

**This pravachan continues in 004a.**

ॐ



Version 3: http://www.AtmaDharma.com or http://AtmaDharma.org, Please report errors to rajesh@AtmaDharma.com